## વિષય : ગુજરાતી ધોરણ : 7 સત્ર : 1

# એકમ કસોટી

## 1. મેળામાં જવાબવહી

### પ્રશ્ન-1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

**(1) મેળામાં મનોરંજન માટે કઈ કઈ વસ્તુઓ જોવા મળે છે ?**

**ઉત્તર** : મેળામાં મનોરંજન માટે ચકડોળ, ફજેતફાળકો, મોતનો કૂવો, રેલગાડી, હીંચકો, વગેરે જોવા મળે છે.

**(2) મેળામાં કયા કયા લોકો પોતાની કળા દ્વારા કમાય છે ?**

**ઉત્તર** : મેળામાં દોરડા પર ચાલતાં નટ, જાદુનાં ખેલ બતાવતાં જાદુગર, છૂંદણા છૂંદીને છૂંદણા છૂંદનાર, મોતનાં કૂવામાં સાહસિકો વગેરે પોતાની કળા દ્વારા કમાય છે.

**(3) મેળામાં સરકારીતંત્ર દ્વારા નાગરિકો માટે કઈ કઈ સુવિધાઓ ઊભી કરવામાં આવે છે ?**

**ઉત્તર** : મેળામાં સરકારીતંત્ર દ્વારા નાગરિકો માટે પોલીસ, ઍમ્બ્યુલન્સ, ફોનસેવા, દવાખાનાની સુવિધા, ATM, મોબાઈલ, શૌચાલય, ફાયર ફાઈટર વગેરે સુવિધાઓ ઊભી કરવામાં આવે છે.

**(4) મેળામાં ગમતી અને ન ગમતી બાબતો લખો.**

**ઉત્તર** : મેળામાં લોકો આનંદથી ફરે છે તથા એકબીજાને ખુશીથી મળે છે તે વાત સૌથી વધુ ગમી. જ્યારે લોકો દ્વારા થતી ગંદકી અને પ્રદૂષણ બિલકુલ ના ગમ્યું. આ ઉપરાંત બિનજરૂરી થતી ધક્કામુક્કી અને કારણ વગરનો ઘોંઘાટ ન ગમ્યા.

### પ્રશ્ન-2. નીચે આપેલા શબ્દજૂથોમાંથી માન્ય શબ્દની નીચે લીટી કરો.

**(1)** <u>રમકડાં</u> – રકમડાં

**(2)** <u>ફરકડી</u> – ફળકરી

**(3)** મેરો – <u>મેળો</u>

**(4)** લાકરી – <u>લાકડી</u>

# એકમ કસોટી

## 1. મેળામાં જવાબવહી

**પ્રશ્ન-3. નીચે આપેલા દરેક જૂથમાં એક શબ્દ અલગ પડે છે તેની નીચે લીટી કરો.**

**(1)** ટિકિટ – મોટરસાઇકલ – ફૂવો – <u>ફળ</u>
**(2)** બરફ – ખુરશી – આઈસક્રીમ – <u>રમકડાં</u>
**(3)** <u>સોયદોરો</u> – ફુગ્ગા – ફરકડી – ફુગ્ગાવાળો

**પ્રશ્ન-4. 'મેળા' વિશે પાંચ-સાત વાક્યો લખો.**

- મેળામાં મનોરંજન માટે ચકડોળ, મોતનો ફૂવો, રેલગાડી, વગેરે જોવા મળે છે.
- મેળામાં દોરડા પર નટ કે નટી એકલા ચાલીને, જાદુગર વિવિધ જાદુનાં ખેલથી અને મોતનાં ફૂવામાં સાહસિકો મોટરસાઈકલ ચલાવીને પોતાની કળા બતાવે છે.
- મેળામાં સરકાર દ્વારા નાગરિકો માટે પોલીસ, ફોનસેવા, દવાખાનાની સુવિધા, ATM, મોબાઈલ, શૌચાલય, ફાયર ફાઈટર વગેરે સુવિધાઓ ઊભી કરવામાં આવે છે.
- મેળામાં લોકો આનંદથી હરવાફરવા આવે છે અને એકબીજાને ખુશીથી મળે છે તે બાબત મને ખૂબ ગમી.
- આ ઉપરાંત મેળામાં જ્યારે લોકો ગંદકી કરે છે, બિનજરૂરી ધક્કામુક્કી અને કારણ વગરનો ઘોંઘાટ કરે છે ત્યારે મને તે બાબત ગમતી નથી.